# નવસારી કૃષિ યુનિવર્સિટી,

એરૂ ચાર રસ્તા, નવસારી

**વિષયઃ**– યુનિવર્સિટી કક્ષાએ વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન જુદા જુદા માલસામાન / કેમીકલ / ઈન્સ્ટ્રુમેન્ટની ખરીદીની પ્રકિયા માટે રેટ કોન્ટ્રાકટ અંગે સુધારેલ કમિટિ નિયુકત કરવા બાબત.

**વંચાણમાં**:– તા. ૨.૬.૨૦૧૬ના રોજનો પરિપત્રનં. નકૃયુ/કાઈ/બી–૮/૪૫૧૪–૨૪/૧૬.

## –:: સુધારેલ કાર્યાલય આદેશ ::–

આથી યુનિટ / સબ યુનિટના તમામ વડાઓશ્રી અને યુનિવર્સિટી અધિકારશ્રીઓને જણાવવાનું કે, અત્રેથી યુનિવર્સિટીની વેબ સાઈટ ઉપર તા. ૨.૬.૨૦૧૬ના રોજ વંચાણમાં લીધેલ પરિપત્રને પ્રકાશીત કરવામાં આવેલ હતો. જે રદ કરી નીચે મુજબનો સુધારેલ પરિપત્ર પ્રકાશીત કરવામાં આવે છે.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરીના તા. ૮.૬.૨૦૧૬ના સાદર રજુથી નીચે જણાવેલ અધિકારીશ્રીઓને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન જુદા જુદા માલસામાન / કેમીકલ / ઈન્સ્ટ્રુમેન્ટની ખરીદીની પ્રક્રિયા માટે રેટ કોન્ટ્રાકટ કરવા માટે સુધારેલ નવી પરચેઈઝ કમિટિમાં સમાવેશ કરવામાં આવ્યા છે. જેથી તે મુજબ રેટ કોન્ટ્રાકટ / ઈ ટેન્ડરીંગની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

| ક્રમ | અધિકારીનું નામ /હોદ્દો | કચેરી | નીમવામાં આવેલ હોદ્દો |
|---|---|---|---|
| ૧ | ર્ડા . એ.એન. સાબલપરા, સંશોધન નિયામકશ્રી | સંશોધન નિયામકશ્રી ની કચેરી, | અધ્યક્ષ |
| ૨ | ર્ડા. જી.જી.રાદડીયા, કુલસચિવશ્રી | કુલસચિવશ્રીની કચેરી, | સભ્ય |
| ૩ | ર્ડા એન.એચ.કેલાવાલા, આચાર્યશ્રી | વેટરનરી કોલેજ, | સભ્ય |
| ૪ | ર્ડા બી.એલ.રાદડીયા, નિયામકશ્રી આઈ.ટી. | અસ્પી એગ્રી. બીઝનેશ મેનેજમેન્ટ કોલેજ | સભ્ય |
| ૫ | ર્ડા લલીત મહાત્મા, સહ પ્રાધ્યાપકશ્રી | પ્લાન્ટ પેથોલોજી વિભાગ,ન.મ.કૃષિ મહાવિદ્યાલય | સભ્ય |
| ૬ | ર્ડા કે.એ.પટેલ, સહ સંશોધન નિયામકશ્રી | સંશોધન નિયામકશ્રી ની કચેરી, | સભ્ય |
| ૭ | ર્ડા કે.જી.પટેલ, સહ પ્રાધ્યાપકશ્રી | ફુડ કવોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી | સભ્ય |
| ૮ | ર્ડા તિમુર અહલાવત, સહ પ્રાધ્યાપકશ્રી | અસ્પી બાગાયત વ વનીય કોલેજ | સભ્ય |
| ૯ | ર્ડા કે.જી.મોઢા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી | સંશોધન નિયામકશ્રી ની કચેરી, | સભ્ય |
| ૧૦ | શ્રી ડી.ટી. ચૌધરી, હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી | હિસાબી અધિકારી –વ– હિસાબ નિયામકશ્રીની કચેરી | સભ્ય |
| ૧૧ | શ્રી એ.એસ.સિર્ધિ, નાયબ ઈજનેર | કાર્યપાલક ઈજનેરની કચેરી | સભ્ય |
| ૧૨ | ર્ડા વી.એમ.ઠુમર, આયોજન અધિકારી | સંશોધન નિયામકશ્રી ની કચેરી, | સભ્ય |

**–: સમિતિએ કરવાની થતી કામગીરી :–**

– ઉપરોકત સમિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭માં તમામ પ્રકારના માલસામાન, કેમીકલ/ ઈન્સ્ટ્રુમેન્ટ વગેરેની જરૂરિયાત મુજબ વાર્ષિક કરારોની કામગીરી હાથ ધરવાની રહેશે.

– ઉપરોકત સમિતિએ જુદા જુદા માલસામાન / કેમીકલ / ઈન્સ્ટ્રુમેન્ટ વગેરેના જરૂરિયાત મુજબ પેટા સમિતિની રચના કરી શકશે, અને આ પેટા સમિતિ સરકારશ્રીના પ્રવર્તમાન ખરીદીના નીતિ –નિયમોને લક્ષમાં રાખીને યુનિવર્સિટી વતી ઈ ટેન્ડર મંગાવી શકશે.

– સંશોધન નિયામકશ્રીની અધ્યક્ષતા હેઠળની સમિતિના નિર્ણય અને માર્ગદર્શન મુજબ આ પેટા સમિતિઓએ વાર્ષિક કરાર કરવાની કામગીરી હાથ ધરવાની રહેશે.

– જે તે પેટા સમિતિના અધ્યક્ષની નિમણુંક સંશોધન નિયામકશ્રીએ કરવાની રહેશે. અને પેટા સમિતિઓએ ઈ ટેન્ડર ધ્વારા ભાવો મંગાવી સરખામણી પત્રક બનાવી તમામ હકીકતો/પુરાવાઓ સાથે કઈ પાર્ટીઓ સાથે વાર્ષિક કરાર કરવાનો છે તેનો વિગતવાર અહેવાલ ઉપરોકત સમિતિને રજું કરવાનો રહેશે.

– યુનિવર્સિટી વતી ઈ ટેન્ડરની તમામ કાર્યવાહી ર્ડા બી.એલ.રાદડીયા, નિયામકશ્રી આઈ.ટી.એ હાથ ધરવાની રહેશે.

– ખરીદીની તમામ પ્રક્રિયાનો ખર્ચ સંશોધન નિયામકશ્રી ધ્વારા સુચવવામાં આવેલ પ્લાન યોજનામાં જેતે બજેટ સદર હેઠળ કરવાનો રહેશે.

– પેટા સમિતિઓની ઈ ટેન્ડરની તમામ પ્રક્રિયાઓના અહેવાલ બાદ ઉપરોકત કમિટિએ વાર્ષિક કરાર કોની સાથે કરવા તે અંગેનો નિર્ણય લઈ તમામ હકીકતો સાથે વિગતવાર નોંધ મુકી મા. કુલપતિશ્રીની મંજુરી મેળવી યુનિવર્સિટી વતી વાર્ષિક કરારની કાયદાકીય કાર્યવાહી/એગ્રીમેન્ટ/વર્ક ઓર્ડર આપવાના રહેશે.

– ઉપરોકત સમિતિએ ઉપરોકત મુદ્દાઓમાં થયેલ તમામ હકીકતોને ધ્યાનમાં લઈ અગામી પરચેઈઝ સમિતિની મીટીગમાં મા.કુલપતિશ્રી પાસે મુદ્દાનોંધ મંજુર કરાવી યુનિવર્સિટી કક્ષાની પરચેઈઝ કમિટિમાં મંજુરી મેળવવાની રહેશે.

– આ કામગીરીની તમામ ફાઈલો/રેકર્ડો સંશોધન નિયામકશ્રીએ રેકર્ડ અર્થે રાખવાના રહેશે.

**ઉપરોકત સુધારેલ કા.આ. તા. ૮.૬.૨૦૧૬ના રોજ અત્રેની કચેરીની નોંધ પર મા.કુલપતિશ્રીની આપેલ મંજુરી અનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.**

જા.નં. ન.કૃ.યુ./કાઈ/બી–૮/ ૪૬૧૩–૨૪ /૨૦૧૬.
નવસારી તા. ૧૪ / ૬ /૨૦૧૬.

કાર્યપાલક ઈજનેર અને
સભ્ય સચિવ, ખરીદ સમિતિ
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

૧. નવસારી કેન્દ્રના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ,
૨. ક્રમ નં. ૦૧ થી ૧૨ના અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ.